હેપ્પી દિવાલી... જસ્ટ ડિફરન્ટ...

■ હિન્દુઓ દિવાળીની ઉજવણી પરંપરાગત રીતે કરે જ છે. જો કે આજના મોર્ડન યુગમાં હવે લેટેસ્ટ જનરેશનના લોકો આવી અલગ પ્રકારે જ દિવાળીની ખુશીની અભિવ્યક્તિ કરે છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

અમેરિકા, બ્રિટન, કેનેડામાં દિવાળી સુરતી મીઠાઈ વિના અધૂરી

આંતરરાષ્ટ્રીય કુરિયર સેવાને પગલે માન્ય દેશોમાં દિવાળીની મીઠાઈ સુરતથી ચોથા દિવસે વિદેશ પહોંચી

ગત વર્ષની તુલનાએ દિવાળી 2024 માં મીઠાઈનું વેચાણ 15% વધુ થયું : ભૂપેન્દ્ર હલવાવાલા

સુરત : આંતરરાષ્ટ્રિય કુરિયર સેવાનો વ્યાપ વધતા સ્વિટ્સની ડિલિવરીની માન્યતા ધરાવતા દેશોમાં દિવાળી સુરતી મીઠાઈ વિના અધૂરી છે. આંતરરાષ્ટ્રિય કુરિયર સેવાને પગલે માન્ય દેશોમાં દિવાળીની મીઠાઈ સુરતથી ચોથા દિવસે વિદેશ પહોંચી રહી છે.

સુરત મીઠાઈવાલા વિતરક મંડળના પ્રમુખ ભૂપેન્દ્ર હલવાવાલાએ જણાવ્યું હતું કે, ગત વર્ષની તુલનાએ દિવાળી 2024 ની સિઝન સારી રહી છે. સુરતના લોકો ભેંટ સોગાથ સાથે દિલ ખોલી મીઠાઈની વહેંચણી કરી છે. જ્યાં સુધી મીઠાઈની દુકાનોની માલનું વેચાણ જોઈએ તો ગત વર્ષની સરખામણીએ આ વર્ષે દિવાળી સિઝનમાં મીઠાઈનું વેચાણ 15% વધુ રહ્યું છે. અમેરિકા, બ્રિટન અને કેનેડામાં દિવાળી સુરતી મીઠાઈ વિના અધૂરી છે. આંતરરાષ્ટ્રિય કુરિયર સેવાનો ઉપયોગ કરી માન્ય દેશોમાં મૂળ સુરતના લોકોએ વિદેશમાં દિવાળીની મીઠાઈ મંગાવી દિવાળીની ઉજવણી કરશે.

ભૂપેન્દ્રભાઈ હલવાવાલા કહે છે કે, સુરતમાં વધતી વસ્તી સાથે હવે સુમુલ જેવી ડેરીઓ, સુગર ફેક્ટરીઓ, સહકારી મંડળીઓ, ધાર્મિક સંપ્રદાયો, જુદાજુદા સમાજની મંડળી મીઠાઈ બનાવી વેચાણ કરે છે. આ વર્ગ કંઈક હદે સુરતનું બજાર સાચવે છે. જ્યારે સુરત ના જૂના મીઠાઈ વિક્રેતાઓ સુરત ઉપરાંત છેક મુંબઈ સુધી સુરતી મીઠાઈનું વેચાણ કરે છે.

9000 થી 12,000 રૂપિયે કિલો તુલસી, પિસ્તા, કેસર સાથેની રસદાર મીઠાઈની દેશ-વિદેશમાં માંગ

દેશ વિદેશમાં સુરતની ગોલ્ડન મીઠાઈની ખૂબ ડિમાન્ડ રહે છે. 9000થી 12,000 રૂપિયે કિલો તુલસી, પિસ્તા, કેસર સાથેની રસદાર મીઠાઈની દેશ વિદેશમાં માંગ જોવા મળી છે. સુરતમાં ખાસ ગોલ્ડન મીઠાઈ તૈયાર કરવામાં આવી છે. આ ગોલ્ડન મીઠાઈ ચાર વેરાઈટીમાં બને છે જે લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે. કાજૂકતરી સામાન્ય રીતે ચારસો રૂપિયાથી લઈ નવસો રૂપિયા સુધીની કિંમતની જોવા મળે છે. સુરતના ઘોડદોડ રોડ વિસ્તારનાં એક મીઠાઈ વિક્રેતાની ગોલ્ડન સ્વીટનું વેચાણ થઈ રહ્યું છે. આ મીઠાઈ અને કાજુકતરી પર સંપૂર્ણ સોનાની વરખ ચઢાવવામાં આવી છે. જેવી રીતે હમણાં સુધી અન્ય મીઠાઈઓ પર ચાંદીની વરખ ચઢાવવામાં આવતી હતી. તેવી રીતે આ મીઠાઈ અને કાજૂકતરી પર પણ સોનાની આરોગી શકાય એવી વરખ ચઢાવવામાં આવી છે. જે લોકોના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક ગણાય છે ગોલ્ડન મીઠાઈ માટે હાઈ ક્વોલિટી કાજુ છેક ગોવાથી આવે છે. જમ્મુથી અસલ કાશ્મીરી કેસર લાવવામાં આવે છે. આ ગોલ્ડન મીઠાઈ બનાવવાનો પ્રારંભ મશીનથી કરવામાં આવે છે અને પછી હાથથી શેપ આપવામાં આવે છે. એમાં તુલસી ગંગા, કેસર કુંજ, સ્પેશિયલ નરગીસ અને અનાર ડાયમંડ નામની ગોલ્ડન મીઠાઈની કિંમત 9000 હજાર રૂપિયા છે.

સંક્ષિપ્ત સમાચાર

પચ્ચખાણની સમજૂતી આપતા પુસ્તકનું તા.2જીએ વિમોચન કરાશે

સુરતઃ જૈન ધર્મમાં પચ્ચખાણનું આગવું મહત્વ છે, આ પચ્ચખાણ ખરેખર શું છે, તેની સરળ ભાષામાં સમજુતી આપતું એક પુસ્તક ટુંકમાં બહાર આવશે, જેનું વિમોચન તા. ૨ નવેમ્બરના રોજ થવાનું છે. મુંબઈ સ્થિત પુસ્તક પ્રકાશન પેઢી, ટીબુક્સ વેન્ચર્સએ 'જૈન પચ્ચખાણ - ગુજરાતી ભાષામાં'ના પ્રકાશનની જાહેરાત કરી છે. પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ તા. 2 નવેમ્બરના રોજ નિતીસુરી આરાધના ભવન, જૈન દેરાસર પાસે, કતારગામ, સુરત ખાતે યોજવામાં આવશે. આ પુસ્તકનું વિમોચન પૂજ્ય શ્રીમદ્વિજય કુલચંદ્ર સુરિશ્વરજી મહારાજ સાહેબના હસ્તે થશે. આ પુસ્તકમાં 13 વિવિધ પચ્ચખાણના વ્યાપક સ્પષ્ટીકરણો કરાયા છે.

ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશન-સુરત દ્વારા દિવાળીની ઉજવણી કરાઈ

સુરતઃ ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશન-સુરત દ્વારા રવિવાર તા.27/10/24ના રોજ આર્યા ફાર્મ કામરેજ ખાતે દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ ડો.કે.એન.શેલડિયા, સેક્રેટરી ડો.પી.પી.મિસ્ત્રી અને ઘણા સભ્યો ફેમિલી સાથે હાજર રહ્યા હતા. આ પ્રસંગે હાઉસી, મ્યુઝિકલ ચેર જેવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. FPAના નામ પર પરંપરાગત દિવાળીના દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા અને પ્રમુખે દિવાળી તહેવાર તેમજ નવા વિક્રમ સંવત ૨૦૮૧ વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

ચેક રિટર્નના બે કેસમાં મુંબઈના પરેશ મીઠાવાલાને કોર્ટે નિર્દોષ છોડ્યા

સુરતઃ ઘોડદોડ રોડ, નર્મદ લાયબ્રેરી પાસે બિલ્ડિંગ મટિરિયલ્સનો ધંધો કરતી મેજીક્રેટ બિલ્ડીંગ સોલ્યુશન પ્રા.લી.એ સને 2016માં તેઓના અધિકૃત વ્યકિત અંકુર વાંકાવાલા મારફતે 6, સાંઇધર, પ્લોટ નં. 2, એલટી રોડ, ગોરઇ, બોરીવલી (વેસ્ટ) મુંબઇ મુકામે ભાવના સ્ટીલના નામથી ધંધો કરતા પરેશભાઇ મીઠાવાલાને એસીસી બ્લોક્સ અને અન્ય બિલ્ડિંગ મટિરિયલ્સનો 19 લાખનો માલ વેચ્યો હતો. જેની સામે પરેશ મીઠાવાલાએ ભાવના સ્ટીલનના નામનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં બે કોર્ટ કેસ કરાયા હતા. કોર્ટમાં આરોપી તરફે એડવોકેટ વિરલ મહેતાએ એવો બચાવ લીધેલો કે ફરીયાદી દ્વારા તેઓના જુના ચેકોના ખોટી રીતે દુરઉપયોગ કરવામાં આવ્યો છે અને અગાઉના વહેવારોના ચેકો ફરીયાદી પાસે પડ્યા હતા અને સને 2011 બાદ કોઇ માલ લેવામાં આવ્યો નથી. જેથી આ અંગે અગાઉથી જ તકરારો ચાલતી હતી. જેથી સને 2016માં ચેકો આપવાનો કોઇ સવાલ ઉભો થતો નથી. આ દલીલોને પગલે કોર્ટેએ પરેશ મીઠાવાલાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

ઢીંમર સમાજનનો ભાઈબીજ અજરાઈ ખાતે મનસાદેવી માતા મંદિરે મેળો

સુરતઃ શ્રી કુળદેવી માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખ જણાવે છે કે અજરાઈ તા.ગણદેવી ખાતે આવેલ શ્રી મનસાદેવી માતા મંદિર ખાતે તા.3-11-2024 રવિવારના ભાઈબીજના દિવસે મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઢીંમર સમાજના દરેક ભાઈઓ-બહેનોને પધારવા આમંત્રણ છે.

તન અને ધનની પાછળ પાગલ થવાને બદલે મનને શાંત કરવાની જરૂર છે: પદ્મદર્શનવિજયજી

અમદાવાદઃ પાલડી- પ્રીતમનગર સ્થિત શ્રી કુંથુનાથ જૈન સંઘમાં આરાધના ભવન ખાતે પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે વિરાટ ધર્મસભા સમક્ષ 'મહાવીરનો મહિમા વ્યારો, એને ગાતાં ન આવે આરો' એ વિષય ઉપર મનનીય પ્રવચન કર્યુ હતું. પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે, પ્રભુ મહાવીરના સિદ્ધાંતો મોસ્ટ સાયન્ટિફીક અને પ્રક્ટિકલ છે. આ સિદ્ધાન્તો જો વિશ્વ અપનાવી લે તો સમગ્ર વિશ્વમાં શાંતિ, સમાધિ અને સ્વસ્થતાની પ્રાપ્તિ થયા વિના રહે નહીં. તમામ સંઘર્ષો અને સંક્લેશો શાંત થઈ જાય. સામ્પ્રત સમયમાં આમજનતા અર્થ-કામની પાછળ પાગલ બની છે. ધર્મ અને મોક્ષ માર્ગ પ્રત્યેનું કનેક્શન તૂટતું જાય છે. કાળ ઘસાતો જાય છે. પ્રભુભક્તિ અને જ્ઞાનપ્રાપ્તિ પાછળ અઘોર નિષ્ક્રીયતા પ્રવર્તી રહી છે. તન અને ધનની પાછળ પાગલ થવાને બદલે મનને શાંત કરવાની જરૂર છે. બહ્યાધનને ધોવાથી લક્ષ્મીદેવીનું પ્રાગટ્ય નહીં થાય, આંતરધનને ધોવાની જરૂર છે.

ફટાકડા સળગાવશો તો પર્યાવરણ બગડશે, કર્મોને સળગાવશો તો ભવ સુધરશે: આચાર્ય મહાશ્રમણજી

સુરતઃ બુધવારે ભગવાન મહાવીર સમવસરણમાં આચાર્ય મહાશ્રમણજીએ ઉપસ્થિત ભક્તજનોને આચારો આગમ દ્વારા ઉપદેશ આપતાં જણાવ્યું હતું કે, કેટલાક લોકો મનોરંજન માટે પણ જીવોને મારવામાં ખુશ થાય છે. હાલ દિવાળીનો તહેવાર ચાલી રહ્યો છે, દીવાળીનો સમય આનંદ અને ઉત્સાહનો સમય છે. દિવાળી આવતાની સાથે જ લોકો ભોજન, મીઠાઈઓ આરોગી આનંદ મેળવતા હોય છે. બજારોની સજાવટ અને રોશની કરતા હોય છે. ફટાકડા આતશબાજી વગેરે દ્વારા પણ પોતાનો આનંદ વ્યક્ત કરતા હોય છે. અહીં આચારોમાં કહેવામાં આવ્યું છે કે, ફટાકડા સળગાવશો તો પર્યાવરણ બગડશે, કર્મોને સળગાવશો તો ભવ સુધરશે. બાદમાં મનોરંજન વિશે તેમણે શ્રોતાઓને જણાવ્યું હતું કે, કેટલાક લોકો મનોરંજન માટે પણ હિંસા કરે છે.

ટી.એમ.પટેલ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સિદ્ધિ નોંધાવી

સુરતઃ વેસુ સ્થિત ટી.એમ. પટેલ ઈન્ટરનેશનલ સ્કૂલના એક વિદ્યાર્થી, આયંશ ડેએ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધપાત્ર રેકોર્ડ દાખલ કર્યો છે. આયંશે 'મહત્તમ નામોની સંખ્યા 10ની એક્સપોશનલ પાવર' પાઠ કરવાનો રેકોર્ડ હાંસલ કર્યો. તેણે 10^3 (એક હજાર)થી શરૂ કરીને 10^300 (ઓગણીસમી ટ્રિલિયન) સાથે સમાપ્ત થતા 100 નંબરોના નામ માત્ર 42 સેકન્ડ અને 60 મિલિસેકન્ડમાં નોંધપાત્ર ચોકસાઈ સાથે સંભળાવ્યા. આયંશે, 7 વર્ષ, 9 મહિના અને 22 દિવસની ઉમરે, લેપટોપ સ્ક્રીન પર 10 ની ઓપ્ટિકલ પાવર જોઈને આ અવિશ્વસનીય સિદ્ધિ હાંસલ કરી છે, જેની તાજેતરમાં પુષ્ટિ થઈ છે.

સરથાણા પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં જ યુવક પર જીવલેણ હુમલો કરાયો

પિતરાઇ બહેનના પ્રેમી સાથે થયેલો ઝઘડો પોલીસમથકે પહોંચ્યો હતો

સુરતઃ શહેરના પુણાગામ વિસ્તારમાં રહેતો યુવક સરથાણા પોલીસ મથકે બાઈક પર બેઠો હતો ત્યારે પિતરાઇ બહેનનો પ્રેમી તથા અન્ય પાંચ ઈસમોએ ભેગા મળી પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં જાહેરમાં જ તેને ઢીક મુક્કીનો માર મારી એલફેલ ગાળો આપી હુમલો કર્યો હતો. જેથી યુવકે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના પુણાગામ વિસ્તારમાં અર્ચના સ્કૂલની બાજુમાં આવેલ હરિધામ સોસાયટીમાં વસવાટ કરતા અજય ગોવિંદભાઈ વાળાએ ગતરોજ સરથાણા પોલીસ મથકમાં કુલ છ વ્યક્તિઓ સામે રાયોટીંગની ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં અજયએ જણાવ્યું હતું કે વરાછા લંબે હનુમાન રોડ પર આવેલ ડાયા પાર્ક સોસાયટીમાં રહેતો ચેતન કથળભાઈ કલસરિયા અજયની પિતરાઇ બેહન સાથે પ્રેમસંબંધ ધરાવતો હતો. આ વાતની અજયને ખબર પડી ગઈ હતી. આ દરમિયાન અજયને માહિતી મળી હતી કે ચેતન કલસરિયા તેની પિતરાઇ બહેનને લઈ સરથાણા વિસ્તારમાં આવેલી પ્લેઝર હોટલ ખાતે ગયો છે. જેથી અજય પ્લેઝર હોટલ પહોંચી ગયો હતો અને જ્યાં ચેતન કલસરિયા સાથે બોલાચાલી થઈ હતી. જેથી સમગ્ર મામલો સરથાણા પોલીસ મથકે પહોંચ્યો હતો. અજય સરથાણા પોલીસ મથકની બહાર કંપાઉન્ડમાં બાઈક પર બેઠો હતો ત્યારે ચેતન તથા ડાયા પાર્ક સોસાયટીમાં રહેતા રમેશભાઈ હાદાભાઈ કલસરિયા, જનકભાઈ જેરામભાઈ બલદાણીયા, શૈલેષ હાદાભાઈ કલસરિયા, પુણાગામ પરિમલ સોસાયટીમાં રહેતા ભાવેશ ચકુરભાઈ કલસરિયા, જીગ્નેશ ચકુરભાઈ કલસરિયાએ ભેગા મળી અજય પર હુમલો કર્યો હતો. સરથાણા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં જ અજયને ગાળો ભાંડી ઢીક મુક્કીનો ઢોર માર મારી લોહી લુહાણ કરી નાખ્યો હતો. જેથી અજયે આ મામલે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ હુમલાખોરો સામે રાયોટીંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના રેલવે સ્ટેશન સામેના રોડ ઉપરનાં દબાણો હટાવવા માંગ

રોડ પર દબાણના કારણે ઉધના રેલવે સ્ટેશન જતા લોકોને લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે

સુરતઃ ઉધના રેલવે સ્ટેશનની સામે ઉધના ઉદ્યોગનગર રોડ નં. 2 ઉપર વર્ષોથી ચાલતી જાહેર રસ્તા પરની શાક માર્કેટ - ફુટ માર્કેટ તેમજ અન્ય સ્ટોલ ધારકો જાહેર રસ્તા ઉપર દબાણ કરી માર્કેટ ચલાવી રહ્યા છે. છેલ્લા ચાર વર્ષથી જાહેર પરિવહન સમિતિના ચેરમેન સોમનાથ મરાઠે દ્વારા વોર્ડ કમિટીમાં તેમજ વોર્ડ મિટિંગમાં ફરીયાદ કરવા છતાં આ સમસ્યાનો નિકાલ આવી રહ્યો નથી. આ બાબતે તેમણે અગાઉ મેયરને 5 ઓક્ટોબરે પત્ર પાઠવી રજુઆત કરી હતી, પરંતુ આજદિન સુધી ઉક્ત સમસ્યા બાબતે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી સોમનાથ મરાઠેએ મનપા કમિશનરને ફરીવાર લેખિતમાં આ અંગે રજુઆત કરી છે.

પાલિકાના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર આ રોડ પર કાયદેસરની માર્કેટની ફાળવણી કરવામાં આવી નથી, પરંતુ, માર્કેટ ખાતા દ્વારા અગાઉથી રસીદની ફાળવણી કરવામાં આવેલી હોવાથી તેના આધારે આરોગ્ય વિભાગે વિક્રેતાઓને પરમીશન આપી છે. હાલમાં સુરત રેલવે સ્ટેશનનું નવીનીકરણનું કામ ચાલતું હોવાથી લગભગ 15 થી 16 જેટલી ટ્રેન ઉધનાથી ઉપડતી હોય છે. હાલ દિવાળીનું પર્વ હોવાથી પરપ્રાંતિઓ, શ્રમજીવી કામદારો પોતાના વતન જવા માટે પરીવાર સાથે બે-બે કિલોમીટરની લાંબી લાઈનમાં ઉભા રહે છે, પરંતુ આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ પણ અધિકારીનું પેટનું પાણી હલતું નથી.

પાલિકા દ્વારા ભીમ નગરમાં શાકમાર્કેટ બનાવવામાં આવી છે, છતાં આ રોડ ઉપરના વિક્રેતાઓને ડ્રો કરીને ત્યાંથી ખસેડવામાં નથી આવી રહ્યા. આ બાબતોને ખૂબ જ ગંભીરતાથી લઈને તાત્કાલિક અસરથી પગલા લેવા અને આ સમસ્યા બાબતે જવાબદાર અધિકારી / કર્મચારીને પોતાની જવાબદારીનો અહેસાસ કરાવીને તાકીદે યોગ્ય કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

પાંડેસરાના લેબર કોન્ટ્રાકટરની જમીન પચાવી પાડવાની કોશિશ કરી ધમકી અપાઈ

ઠગબાજ દંપતી સહિત ત્રણ ઈસમોએ બોગસ દસ્તાવેજ બનાવી સબ ડિસ્ટ્રિક્ટ કચેરીમાં રજૂ પણ કરી દીધું, થતું બાંધકામ પણ અટકાવ્યું

સુરતઃ શહેરમાં જીયાઉ ખાતે આવેલી નવી વસાહત ખાતે રહેતા લેબર કોન્ટ્રાક્ટરના પ્લોટને પચાવી પાડવાની પતિ, પત્ની સહિત ત્રણ ઈસમોએ કારસો રચ્યો હતો.

શહેરના જીયાઉ ખાતે આવેલી નવી વસાહત પ્રિયંકા ગ્રીન પાર્ક સોસાયટીમાં ૫૦ વર્ષીય અભિલાખ જ્ઞાનસિંહ યાદવ પરિવાર સાથે રહે છે અને લેબર કોન્ટ્રાક્ટરના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પ્રિયંકા ગ્રીન પાર્ક સોસાયટીમાં જ રહેતા અશોક રઘુનાથ પાટીલ અને તેની પત્ની તથા પાંડેસરા બમરોલી કર્મયોગી વિભાગ બેમાં રહેતા દેવીદાસ રોહિતદાસ પાટીલ ભેગા મળી અભીલાખની માલિકીના પ્લોટ નંબર ૩૬૦ એફ તથા પ્લોટ નંબર ૩૬૧ એફમાં કબજો લેવાના ઈરાદે બનાવટી દસ્તાવેજો અને રસીદો ઉભી કરી મિલકત પચાવી પાડવા બનાવટી કબજા રસીદો સબ ડિસ્ટ્રિક્ટ મોજે ચોર્યાસીના ગામ જીયાઉમાં દર્શાવી હતી. તમામ બોગસ રસીદો હોવાનું સામે આવતા પાંડેસરા પોલીસે લેબર કોન્ટ્રાક્ટર અભીલાખ યાદવની ફરિયાદ લઈ અશોક પાટીલ તથા તેની પત્ની અને દેવીદાસ પાટીલ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મેટ્રોની અણઘડ કામગીરીથી સુરતની પ્રજાને હાલાકી: કોંગ્રેસના નેતાએ CMને રજૂઆત કરી

સુરતમાં રસ્તા, ડ્રેનેજ, સ્વચ્છતા અને ટ્રાફિકના મુદ્દે પણ તંત્રવાહકો નિષ્ફળ રહ્યા હોવાના આક્ષેપ સાથે કાર્યવાહીની દર્શન નાયકની માંગ

સુરતઃ છેલ્લા થોડા સમયથી સુરતમાં સ્વચ્છતા, ટ્રાફિક, રસ્તાની હાલત, ડ્રેનેજની ફરિયાદો, મેટ્રોના કારણે લોકોને થઈ રહેલી હાલાકી, પાળા યોજનાના અમલમાં બેદરકારી, મસમોટા ઈજારાઓમાં ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો સાથે જિલ્લા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા અને કોંગ્રેસના નેતા દર્શન નાયકે મુખ્યમંત્રી સહિતના સક્ષમ સત્તાધીશોને પત્ર લખીને રજૂઆત કરી હતી. દર્શન નાયકે આ તમામ માટે શાસકોની સાથે સાથે મનપા કમિશનરને પણ જવાબદાર ગણાવી તેની સામે પણ કાર્યવાહી કરવા માંગ કરી હતી.

રજૂઆતમાં જણાવ્યું હતું કે, સુરતમાં મેટ્રો ટ્રેનની કામગીરી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડને સોંપવામાં આવી છે. પરતું, મેટ્રો કામગીરીનું નિયમન કરવાની જવાબદારી મ્યુનિસિપલ કમિશ્નરની હોય છે. મેટ્રો ટ્રેનની કામગીરી કરનાર એજન્સી દ્વારા સુરત શહેરના રસ્તાઓનું આડેધડ મનસ્વી રીતે ખોદકામ કરવામાં આવી રહ્યું છે તથા સુરત મહાનગરપાલિકાના જાહેરનામા વિના જ મનફાવે તેમ શહેરના મુખ્ય માર્ગો પણ બંધ કરી દેવામાં આવી રહ્યા છે. જેને કારણે આ માર્ગો ઉપર ધંધા-રોજગાર કરનારાઓને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે તેમજ સામાન્ય જનતાને વાહન-વ્યવહાર માટે પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વારંવાર પાણીની લાઈનમાં ભંગાણ થાય છે. એજન્સી દ્વારા વારંવાર સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહયું છે. જેને કારણે દુર્ઘટનાઓ સર્જાઈ છે. જે રોડ-રસ્તાઓ આડેધડ તોડવામાં આવી રહ્યા છે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા કોઈ ભવિષ્યનું માળખું પણ તૈયાર કરવામાં આવ્યુ નથી. જેના કારણે પ્રજાએ ભોગવવું પડે છે. આ ઉપરાંત ડ્રેનેજ, ટ્રાફિક, નદી કિનારે માટીપુરાણ, બાંધકામ માટે મંજૂરીઓ સહિતના મુદ્દે પણ દર્શન નાયકે મુખ્યમંત્રીને ફરિયાદ કરી હતી.

છઠ પૂજા માટે તાપી કિનારે અને લેક ગાર્ડનમાં વ્યવસ્થા પૂરી પાડવા વિપક્ષી નેતાની માંગ

સુરતઃ શહેરમાં વસતા લાખો ઉત્તર ભારતીય સમાજ દ્વારા સુરત શહેરમાં માં તાપીના પાવન તટ પર નાવડી ઓવારા, ઈસ્કોન મંદિર તેમજ વિયર કમ કોઝવે પર છઠ પૂજાનું આયોજન થાય છે. જ્યાં આવતા શ્રધ્ધાળુઓને અગવડતા પડે નહિ તે હેતુસર આ સ્થળે જરૂરી સફાઇ કરાવવા, મોબાઇલ ટોયલેટ વાન, ફાયર ફાઇટર બોટ, એમ્બ્યુલન્સ સહિત જરૂરી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરાવવા વિપક્ષી નેતા પાયલ સાકરિયાએ મનપા કમિશ્નરને જણાવ્યું હતું. ઉપરાંત, વિવિધ તળાવો જેવા કે, ડિંડોલી છઠ પૂજા ગાર્ડન, ભેસ્તાન લેક ગાર્ડન સહિતના વિવિધ લેક ગાર્ડન પર જરૂરી સફાઇ, મોબાઇલ ટોયલેટ વાન, ફાયર ફાઇટર બોટ તેમજ આગમચેતીના ભાગરૂપે જરૂરી સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવા રજૂઆત કરી હતી.

પારલે પોઈન્ટ પાસે રિક્ષામાં વૃદ્ધાના ગળામાંથી રૂ. 1.95 લાખનો અછોડો સેરવી લેવાયો

વૃદ્ધા હોસ્પિટલમાં દાખલ પૌત્રીની ખબર પૂછવા જઇ રહી હતી, રિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેઠેલા બે ગઠિયાઓ વૃદ્ધાની અછોડો અને પેન્ડલ તફડાવી ગયા

સુરતઃ સિટીલાઈટ ખાતે રિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેઠેલા બે ગઠિયાઓએ આગળ પાછળ કરવાનું કહીં વૃદ્ધાએ ગળામાં પહેરેલી સોનાનો અછોડો અને પેન્ડલ સેરવી લીધા હતા.

પારલે પોઇન્ટની પ્રેરણા એપાર્ટમેન્ટમાં રહેતા 75 વર્ષીય સુભદ્રાબેન મંગલદાસ શાહ તા. 23મીએ પૌત્રી પ્રાચ્ચીને ઇશાત હોસ્પીટલમાં દાખલ કરી હોવાથી ખબર અંતર પુછવા બપોરે ઘરેથી નીકળ્યા હતા. વૃદ્ધા ચાલતા ચાલતા સરગમ શોપીંગ સેન્ટરની સામે આવ્યા ત્યારે એ-વન કોકો પાસે તેમને શ્વાસ ચઢતા સાઈડ પર ઊભા રહી ગયા હતા. તે દરમિયાન તેમની નજીક ઓટો રિક્ષા નં-GJ-05-AY-2292 ની આવી હતી. વૃદ્ધાએ રિક્ષા ચાલકને સરગમ શોપીંગ સેન્ટરની બાજુમાં આવેલા નેંચરલ આઇસ્ક્રીમની ઉપર ઇશાત હોસ્પીટલ ખાતે જવાનું જણાવ્યું હતું.

રિક્ષા ચાલકે તેમને રિક્ષામાં બેસાડી અંબાજી માતાની ગેટની સામેથી યુ-ટર્ન મારી પરત સરગમ શોપીંગ સેન્ટર તરફ જઈ રહ્યા હતા. જે દરમિયાન વૃદ્ધા સુભદ્રાબેનની બાજુમાં બેઠેલા પેસેન્જર તેમને અવાર-નવાર સરખા બેસવા કહ્યું હતું. વૃદ્ધા આગળ-પાછળ કરતા તેમાંથી એક પેસેન્જરએ રિક્ષા ચાલકને બૂમ પાડી બેસતા ફાવતું નથી રિક્ષા સાઇડ કરવા જણાવ્યું હતું.

જેથી ચાલકે વૃદ્ધાને સરગમ શોપીંગ સેન્ટર સામે રોડ ઉપર ઉતારી દીધા અને રૂપીયા લીધા વગર અઠવાગેટ તરફ નીકળી ગયો હતો. ત્યારે વૃદ્ધાને રિક્ષાવાળા ઉપર શંકા જતાં તપાસ કરતાં ગળામાં રહેલી 1.95 લાખની કિંમતના સોનાની હિરાજડીત પેન્ડલ સાથેનો અછોડો ચોરાઈ ગયો હોવાનું માલુમ પડ્યું હતું. ગઇ 28મીના સાંજના પૌત્ર ભવ્યને સમગ્ર ઘટના જણાવતા પૌત્ર દાદીને ઉમરા પોલીસ સ્ટેશન ખાતે ચોરીની ફરિયાદ નોંધવા લઈ આવ્યો હતો.

એવું 'શાંતિકુંજ', જ્યાં મન અશાંત થઈ જાય, વિપક્ષે 'અશાંતિ કુંજ' નામ આપ્યું

પુણાના શાંતિકુંજમાં બિયર અને દારૂની ખાલી બાટલીઓ રઝળે છેઃ અસામાજિક તત્ત્વોનો અડ્ડો બન્યો

સુરતઃ શહેરમાં લોકોની સુખાકારી અને સુવિધા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોજેક્ટો સાકાર કરવામાં આવી રહ્યા છે પરંતુ વોર્ડ નંબર 16 પુણામાં આવેલા શાંતિકુંજ હાલ બદ્દતર હાલતમાં છે જેના કારણે શાંતિકુંજને અશાંતિકુંજ નામ લોકો દ્વારા આપવામાં આવ્યું છે.

મનપા દ્વારા મોટા ઉપાડે પ્રોજેક્ટો સાકાર કરી દેવામાં આવે છે પરંતુ સમય જતાં આ પ્રોજેક્ટોની યોગ્ય જાળવણી ન થતાં લોકોને તે કામે આવતા નથી. દર વર્ષે કરોડોનો ટેક્સ લેતી મનપા દ્વારા મેઈન્ટેનન્સના નામે માત્ર વેઠ જ ઉતારવામાં આવતી હોય તેવી પ્રતિતિ થઈ રહી છે. શહેરના વોર્ડ નં. 16 પુણા પશ્ચિમ ટી.પી 11 ફાઈનલ પ્લોટ નં. 137 પર શાંતિકુંજ બનાવવામાં આવ્યો છે. આ શાંતિકુંજની જાળવણીમાં મનપાનું તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે. આ શાંતિકુંજમાં દારૂ, બિયર તેમજ હાલમાં ડ્રગ્સનું દૂષણ ફેલાયું છે. ટોયલેટ બ્લોકમાં પણ પારાવાર ગંદકી છે. જેથી આ શાંતિકુંજને 24 કલાક માટે સિક્યુરિટી ગાર્ડ આપવામાં આવે અથવા તો કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવે જેથી કરીને આવનારા સમયમાં કોઈ અઘટિત ઘટના ન ઘટે. ત્યાંના ટોયલેટ બ્લોક સહિત સફાઈ તેમજ અન્ય જાળવણીની બાબતમાં સુરત મહાનગરપાલિકા સદંતર નિષ્ફળ ગયું છે જેને લઈ સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આ શાંતિકુંજ પર જઈ અશાંતિકુંજનું બેનર પણ લગાવવામાં આવ્યું હતું.